# Video Conference of senior health professionals of SAARC countries on the fight against Covid-19

March 27, 2020

## કોવિડ-19 સામેની લડાઈ પર સાર્ક દેશોનાં વરિષ્ઠ આરોગ્ય વ્યાવસાયિકોની વિડીયો કોન્ફરન્સ

માર્ચ 27, 2020

15 માર્ચ 2020 નાં રોજ સાર્ક આગેવાનોની વિડીયો કોન્ફરન્સ પર વડાપ્રધાને જાહેર કર્યું હતું કે તમામ સાર્ક સભ્ય રાજ્યોનાં આરોગ્ય વ્યાવસાયિકો વ્યવહારું સ્તર પર કોવિડ-19 સામેની સામાન્ય લડાઈમાં સંલગ્નતા આગળ વધારવા માટે વિડીયો કોન્ફરન્સ યોજી શકે છે.

તે જાહેરાતનાં અમલીકરણ તરીકે, 26 માર્ચ 2020 નાં રોજ આરોગ્ય સેવાઓનાં મહા નિર્દેશક (ડીજીએચએસ) સ્તર પર તમામ સાર્ક દેશોનું પ્રતિનિધિત્વ કરતા આરોગ્ય વ્યાવસાયિકોની એક વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. ભારતનાં આરોગ્ય સેવાઓનાં મહા નિર્દેશકની અધ્યક્ષતામાં યોજાયેલી આ કોન્ફરન્સમાં કોવિડ-19 સંબંધિત સમસ્યાઓની બૃહદ શ્રેણી પર તમામ પક્ષોની સક્રિય અને હેતુપૂર્વકની સહભાગી સાથે વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી.

ભારત તરફથી, રોગ પર દેખરેખ, સંપર્કમાં આવેલા લોકોની ભાળ મેળવવી, યાત્રા નિયંત્રણો અને લોકોનાં સ્થળાંતરણો, જોખમની આકારણી, નિદાન, આઈસોલેશન અને ક્વૉરન્ટાઇન પદ્ધતિઓ અને સુવિધાઓ, દર્દીઓનું તબીબી વ્યવસ્થાપન, સારવારનાં વિકલ્પો અને પ્રોટોકોલ અને આરોગ્યસંભાળ પ્રદાતાઓની સુરક્ષાનાં પાસાઓ આવરતા ભારતનાં પ્રતિભાવ પર વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી. તેવી જ રીતે, અન્ય તમામ સાર્ક દેશોએ તેઓની સંબંધિત ગોઠવણોમાં કોવિડ-19 નાં પડકારનો સામનો કરવાનાં તેઓનાં પોતાનાં અનુભવોનું આદાન-પ્રદાન કર્યું હતું. તમામ દેશોએ તેઓની વિશિષ્ટ નિર્બળતાઓ, ક્ષમતાઓ, શ્રેષ્ઠ પ્રથાઓ, સ્ત્રોતો અને લોજિસ્ટિક્સમાં ખાલી જગ્યાઓ, ખાનગી ક્ષેત્રની સહભાગીતા તથા પૂર્વતૈયારીઓનાં સ્તરો પર પ્રકાશ પાડ્યો હતો. સાર્ક પ્રાંતમાં સરકારો દ્વારા હાથ ધરવામાં આવેલા મોટા પાયાનાં આપાત્તકાલિન પગલાઓમાં વૃદ્ધિ કરવા કોઈપણ કોવિડ-19 વિરોધી વ્યૂહરચનામાં સામુદાયિક જોડાણ અને સહભાગીતાને મહત્વનાં પરિબળ તરીકે ઓળખવામાં આવ્યું હતું.

ભારતે સંયુક્ત રીતે કોરોનાવાઈરસ મહામારીનો સામનો કરવા માટે માહિતી, જ્ઞાન, નિપુણતા અને શ્રેષ્ઠ પ્રથાઓનું આદાન-પ્રદાન કરવા માટે તમામ સાર્ક રાષ્ટ્રો માટે એક સંયુક્ત ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મનો પ્રસ્તાવ રાખ્યો હતો. એવી માહિતી આપવામાં આવી હતી કે આવા પ્લેટફોર્મનાં નિર્માણમાં નોંધપાત્ર કાર્ય કરવામાં આવ્યું છે, જે આગળની ચર્ચાઓ કરવા અને મરકી રોગો માટે અનુરૂપ સોફ્ટવેર, અને નવા નિદાન અને ઉપચારાત્મક દરમિયાનગીરીઓ માટેનાં સંયુક્ત સંશોધન સહિત, આપાત્તકાલિન પ્રતિભાવ કર્મચારીઓ માટે ઓનલાઈન તાલીમ, જ્ઞાનાત્મક ભાગીદારીઓ, રોગ પરની દેખરેખમાં નિપુણતાઓનું આદાન-પ્રદાન કરવા જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવા

માટે બહુહેતુક વાહક તરીકેની સેવા પણ બજાવી શકે. ભારતીય પક્ષ તરફથી પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો કે ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જાય ત્યાં સુધી, વાસ્તવિક સમયમાં સાર્ક દેશો વચ્ચે તમામ સંબંધિત માહિતીનું આદાન-પ્રદાન થઈ શકે તે માટે તમામ સાર્ક દેશોની આરોગ્ય સેવાઓનું પ્રતિનિધિત્વ કરતા નિષ્ણાંતોનું ઈમેઈલ/વોટ્સએપ પર નેટવર્ક સ્થાપિત કરી શકાય છે.

તમામ સાર્ક સભ્ય રાજ્યો દ્વારા ઉત્સાહક અને રચનાત્મક સહભાગીતાએ આ પ્રાંતમાં કોરોનાવાઈરસ મહામારીએ દાખવેલા પડકારને હરાવવા સાથે મળીને કાર્ય કરવાની સંયુક્ત પ્રતિબદ્ધતાનું નિરૂપણ કર્યું છે.

**નવી દિલ્હી**
**માર્ચ 27, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.